## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

સત્તા પક્ષના સેવકોનો, પારો ચઢતો જાય છે!
નિવેદનીયા નેતાનો પણ પારો પણ ચઢતો જાય છે
પોરો ચઢતો જા છે સાહેબની ચાપલૂસીથી -
પ્રકૃતિ પણ છે પ્રકોપે, પારો ચઢતો જાય છે...

### હાઈકુ

હોય છે રોજ!
રેલી-સભા-ધરણાં -
આંધી, તોફાન...
(દિલ્હીનું વાતાવરણ)

કરતા જાવ!
બાહોશ સ્પર્ધકોને
સાઈડ - ટ્રેક...
(ચાણક્ય નીતિ)

### ચિંતન

વાગ્વૃદ્ધં ત્રાયતે શ્રદ્ધા મનોવૃદ્ધં ચ ભારત ।
શ્રદ્ધાવૃદ્ધાં વાનસી ન કર્મ ત્રાતુમર્હતિ ॥
અશ્રદ્ધા પરમં પાપં શ્રદ્ધા પાપપ્રમોચિની ।
જહાતિ પાપં શ્રદ્ધાવાન્ સર્પો જીર્ણામિવત્વમય્ ॥

ઉપરોક્ત શ્લોક અધ્યાત્મ રહસ્યમાંથી લેવામાં આવેલ છે.

વાણી વૃદ્ધ થતા મનવૃદ્ધની રક્ષા શ્રદ્ધા કરે છે, વાણી અને મનથી અવૃદ્ધની રક્ષા કર્મ કરતું નથી, અશ્રદ્ધા પરમ પાપ છે, શ્રદ્ધા પાપનાશિની છે. જેમ સાપ કાંચળી તજે છે, તેમ શ્રદ્ધાવાન પાપનો નાશ કરે છે.

પાકટ સંસ્કારી પંડિતો વિચાર કરીને બોલે છે અને આચરણ કરે છે. સામાજિક મર્યાદામાં રહીને ઈચ્છા-અપેક્ષા રાખે છે તેથી તેમની રક્ષા 'વિવેક' કરે છે.

સમાજની વિડંબનાઓ, પાપીષ્ટ ઈચ્છાઓથી સજ્જન નિર્લેપ રહે છે. સાપની કાંચડી જેમ દુર્ગુણોનો ત્યાગ કરે છે.

### સુવિચાર

- સુખ એ કોઈ અંતિમ ધ્યેય નથી, 'જે કંઈ છે' તેથી સમજમાંથી સુખ પ્રાપ્ત થાય છે - **શાહબુદ્દિન રાઠોડ**
- એવી કોઈ આવતીકાલ આવતી જ નથી કે જેમાં આપણે શાંત સ્વસ્થ હોઈશું. આપણે આ ક્ષણે જ શાંત અને સ્વસ્થ થવાનું છે - **નવનિત**
- જીવનમાં દુઃખ તો આવવાનું જ છે પણ આવેલું દુઃખને જો સમજીને સહન કર્યું હશે તો એ કદીએ વ્યર્થ જવાનું નથી - **વિમલા ઠાકર**
- જેની તૃષ્ણા વધારે, તે દરિદ્ર છે, જયારે મન સંતુષ્ટ થતું હોય ત્યારે કોણ ધનવાન અને કોણ દરિદ્ર? - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્ષમા સમ તપ ન કોઈ, સંતોષ સમ સુખ ન કોઈ, તૃષ્ણાથી અધિક વ્યાધિ ન કોઈ, દયાથી અધિક ધર્મ ન કોઈ - **સુભાષિત**
- જીવનમાં આવ્યા કરે, પાનખર અને વસંત, મનની મમતા છૂટે, તો સુખ શાંતિ અનંત - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : કોકમનો ઉકાળો કરી તેમાં અડધી ચમચી ઘી નાખીને પીવાથી અજીર્ણ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

હજારો વર્ષો પહેલાની વાત છે, એસમયે એક દેશમાં ગધેડાની કોઈ પણ જાતિ જોવા મળતી ન હતી. એક વેપારી દેશ-વિદેશમાં વેપાર કરવા આવ-જા કરતો તે એકવાર દૂરદેશથી ગધેડો અને ગધેડી ખરીદી લાવ્યો.

ધીમે ધીમે વનમાં ગધેડાની વસ્તી વધી. એક દિવસ એક વાઘે ગધેડો પહેલી જ વાર જોયો. આવા અજાણ્યા પ્રાણીને જોઈને વાઘ થોડો ડરી ગયો. ગધેડાનો શિકાર કરવા ગયો ત્યાં તો ગધેડો જોર જોરથી ભૂંકવા લાગ્યો. ભૂકવાનો અવાજ સાંભળીને વાઘ ગધેડાથી દૂર ભાગ્યો.

થોડા દિવસો બાદ વળી વાઘ અને ગધેડાનો ભેટો થયો. આ વખતે વાઘ જેવો નજીક ગયો ત્યાં તો ગધેડાએ એવી જોરથી લાત મારી કે વાઘ ફરી ભયભીત થઈ ખાલી હાથ પાછો ફર્યો. વાઘને મનમાં થયું પણ ખરું કે આતે કેવું વિચિત્ર પાણી છે કે જો મારાથી પણ તાકાતવર છે...

વાઘનો અહમ્ ઘવાયો. વાઘે હવે ગધેડાનો છૂપાઈને અભ્યાસ કર્યો. અને વાઘને એટલું સમજાઈ ગયું કે ગધેડા પાસે ફક્ત બે જ આવડત છે. ભૂંકવાની અને લાત મારવાની.

બસ આટલું જાણી લીધા પછી તો વાઘે જોરદાર પંજાથી પ્રહાર કર્યો અને ગધેડાનો સફળ શિકાર કર્યો.

સારાંશ એ કે આજની ગળાકાપ હરિફાઈમાં સફળતાપૂર્વક ટકવું હોય તો ગણી ગાંઠી નહીં, પરંતુ બહુવિધ કૌશલ્ય એટલે કે મલ્ટીપલ સ્કીલ્સ કેળવતાં રહેવું જોઈએ.

# રાજયપાલની નીતિમત્તાની કસોટી

તંત્રીસ્થાનેથી...

કર્ણાટકમાં ઊભી થયેલી વિશિષ્ટ મડાગાંઠ રાજયપાલશ્રી વજુભાઈ વાળા માટે એમની કારકિર્દીની અને નીતિમત્તાની કસોટી પુરવાર થઈ શકે એમ છે. સૌથી મોટા પક્ષ તરીકે ઊપસી આવેલ ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય નેતાગીરી યેનકેન પ્રકારેણ એના મુખ્યમંત્રી પદના ઉમેદવાર યેદિયુરપ્પાના નેતૃત્વ હેઠળ સરકાર બનાવવા કૃતસંકલ્પ છે. એકસો ચાર ધારાસભ્યોનું સંખ્યાબળ ધરાવતા યેદિયુરપ્પાએ અગાઉ કરેલ સંકલ્પ મુજબ રાજયમાં ભાજપ સરકાર બનાવવા એડી ચોટીનું જોર લગાવી દીધું છે. નૈતિક મૂલ્યો કોરાણે મૂકીને અગાઉ ગોવા, મણિપુર કે મેઘાલયમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરેલ કોંગ્રેસને સત્તાથી દૂર રાખવામાં સફળ રહેલ ભાજપના ચાણક્ય કર્ણાટકમાં થોડી બેઠકો ઓછી મળવાથી સત્તા બહાર રહેવા તૈયાર ન જ હોય તે સમજી શકાય એમ છે. આ સંદર્ભે કોંગ્રેસી નેતા ગુલામનબી આઝાદ અને મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરાયેલા નિવેદન સત્યથી વેગળાં ન જ લાગે તે સમજી શકાય એમ છે. મેજિક આંકડા સુધી પહોંચવા માટે ભાજપ બધા જ હથકંડા અપનાવી શકે છે. એની નજર કોંગ્રેસ અને જેડી(એસ) ના કેટલાક એવા ધારાસભ્યો પર છે જેઓ લિંગાયત સમુદાયના છે અને સત્તા તથા પૈસાથી ખરીદી શકાય એવા છે. આ બાબતે કેટલાક ધારાસભ્યોએ મીડિયા સમક્ષ ખુલાસો પણ કર્યો છે કે એમને કાં તો લાલચ અપાઈ છે અથવા એમની સામે ચાલતા મુદ્દાઓ પરત્વે કૂણું વલણ દાખવવાની ખાતરી અપાયેલ છે. યેદિયુરપ્પા મોદી અને શાહ દ્વારા રજૂ કરાયેલા કોંગ્રેસ મુક્ત કર્ણાટકના વિચારને પ્રજાએ વધાવી લીધો હોવાની વાત કરે છે એમાં આંશિક તથ્ય જરૂર હોઈ શકે છે, પરંતુ બંધારણ તો બહુમતીને શાસન કરવાની અધિકારનું સમર્થન કરે છે. આવી બહુમતી ગઠબંધન દ્વારા પણ સિદ્ધ થઈ શકે છે, જેનો લાભ ખુદ ભાજપે અન્ય રાજયોમાં મેળવેલ છે અને સૌથી મોટો પક્ષ તરીકે ઊપસી આવેલા કોંગ્રેસને સત્તા બહાર રાખવામાં એવી રીતે સફળતા પણ મેળવી છે. કર્ણાટકના ત્રણે મુખ્ય પક્ષો પૈકી બીજા નંબરે રહેલ કોંગ્રેસે સમયસર જનતા દળ (એસ) ના નેતા એચ. ડી. કુમારસ્વામીને બિનશરતી ટેકો આપવાનો ઠરાવ કરી ભાજપને સત્તારૂઢ થતો અટકાવવાનો વ્યૂહ અપનાવ્યો છે. વજુભાઈ વાળા ગુજરાતના છે અને વડાપ્રધાન મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની આજ્ઞા ઉથાપી શકે એમ નથી. તેથી સ્વાભાવિક રીતે જ તેઓ સૌથી મોટા પક્ષના નેતા યેદિયુરપ્પાને સરકાર બનાવવાની તક આપે તેવી સંભાવના છે. એ પછી જે સમય મળશે તે દરમિયાન 'હોર્સ ટ્રેડિંગ' નો ખેલ ખેલાશે એ પણ નક્કી છે. આ પ્રકારના ખરીદ વેચાણથી પોતાની પાર્ટીના ધારાસભ્યોને બચાવવા માટે કોંગ્રેસ અને જેડી(એસ) બેઉ પૂરી તાકાત લગાવશે. હાલ પૂરતી તો ખરી કસોટી રાજયપાલશ્રીની નીતિમત્તા અને બંધારણીય ફરજ અદા કરવાની શ્રમતાની જ છે, તે નક્કી.

# પેટ-આંતરડાની ઠંડક માટે



પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

અત્યારે ઉનાળો ફૂલ સ્પીડમાં છે. છાપાઓના પહેલા પાને ગરમીના રેકોર્ડબ્રેકનાં ન્યુઝ આવતા જ રહે છે. આવા સમયે સ્વાભાવિક રીતે જ પેટના રોગો અને પાચનને લગતી તકલીફો વધી જાય. એક તો સિઝન આવી એમાય પાછા કેરી, અને જાત ભાતના અથાણા. ઉપરથી વેકેશનને કારણે ઘર ભર્યું હોય એટલે વારંવાર બહાર હોટલમાં જમવા જવાનું કે પછી ઘરે પંજાબી, ચાયનીઝ, પીઝા જેવી પેટને ભારે પડે તેવી વાનગીઓ બનાવવાની. એટલે સમજોને કે પાચન તો ખાડે જવાનું જ અને પેટ-આંતરડાની ગરમી વધવાની જ. તો આજે આ પેટ અને આંતરડાની ગરમી ઠારવા માટેના અમુક સરળ ઉપાયો વિષે વાત કરીયે.

ઉપાય -૧ આંતરડાની ગરમી ઓછી કરવાનું એક શ્રેષ્ઠ ઔષધન છે બીલીનું ફળ. આપણે સૌ બીલીના ફળ (બીલા) વિષે જાણતા જ હોઈશું . આપણે ત્યાં શરીરની તેમજ આંતરડાની ગરમીને ઠારવા બીલાના ફળના ગર્ભનું શરબત, મુરબ્બો આદિ પીવાની પ્રથા છે. બીલાના ફળ કાચા હોય તે વધુ સારૂં. બીલાના ફળનો ગર્ભ આંતરડાને પોષક છે. તે ઝાડા-મરડો આદિમાં હિતકર છે. પેટની ચૂંક તેમજ દાહમાં પણ બીલાના ગર્ભનો ઉપયોગ કરી શકાય છે.

ઉપાય -૨ કાળી દ્રાક્ષ, વરિયાળી, ધાણાજીરૂ, અને ખડી સાકરનેમિક્સ કરી લેવા. તેનું શરબત બનાવી રોજ સાંજે પીવું. આ શરબત થી આંતરડા તેમજ શરીરની ગરમી ઘટે છે. દ્રાક્ષ, વરીયાળી અંને ધાણાજીરું ઠંડક આપે છે તેમજ પાચનતંત્ર માટે હિતકર છે.

ઉપાય – ૩ સમયસર અને પુરતા પ્રમાણમાં પાણી પીવું. ઉનાળા દરમિયાન ગરમીને કારણે પરસેવો ખૂબ થાય તેવા સમયે જો પાણી પુરતું ન પીવામાં આવે તો dehydration જેવી અનેક તકલીફો થઈ શકે. મેં તો એ પણ જોયું છે કે ઉનાળાની આવી ગરમીમાં પુરતું પાને ન પીવાથી વ્યક્તિને માથું ભારે રહ, એસીડીટી થાય, અને કબજીયાત જેવા પણ પ્રોબ્લેમ જોવા મળે. આથી પાણી પુરતા પ્રમાણમાં પીવું.

ઉપાય ૪: અમુક આયુર્વેદિક ઔષધો અને ઔષધ યોગો પેટને ઠંડક આપવામાં બહુ અસરકારક છે. ઔષધો જેવાકે જેઠીમધ, શતાવરી, આમલા, ગોખરું, મોથ, લોધર આદિ પેટની ગરમી ઓછી કરવામાં ખૂબ અસરકારક છે. ઔષધ યોગો જેવાકે ચંદનાદિ વટી, ચંદ્રપ્રભા વટી, અવિપત્તિકર, લોધ્રાસવ, આદિ પણ ખૂબ અસરકર્તા છે. વ્યક્તિની પ્રકૃતિ અને જરૂરીયાત મુજબ યોગ્ય ડોઝ માં લેવાથી ચોક્કસ ફાયદો થાય.

દરેક ઋતુને માનવાની તો જ મજા આવે જો આપણે સ્વસ્થ હોઈએ. ઉનાળાને કારણે થતા પેટ-આંતરડા કે પાચનના પ્રોબ્લેમને આગોતરા દૂર કરવામાં જ શાણપણ છે.

-contact@atharvaayu.com

# ગુજરાતી સાહિત્યમાં આત્મકથાના દોઢસો વર્ષની સાર્થક ઉજવણી

મનના ઉમંગો
રણછોડ પરમાર

**(ગતાંકથી આગળ....)**

તા-૨૦/૦૪/૨૦૧૮

આજ પંડિત સુખલાલજીના મારું " જીવન વૃતાંત "પર શ્રીમતી રસીલાબેન કડીયા અને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા ઉપર શ્રી વિષ્ણુભાઈ પંડ્યાનાં વ્યાખ્યાન હતાં . પંડિતજીએ માત્ર ચાર વર્ષની ઉંમરે માતા ગુમાવ્યા. નવાં મા આવ્યા તે ઘણા સારા અને પ્રેમાળ હતા. તેમને પણ ચૌદ વર્ષની વયે ખોયાં. તે દુખ ભૂલે તે પહેલાં સોળ વરસ થયા ત્યારે ભારે શીતળા નીકળ્યા તેમાં આંખો ગુમાવી. ભણવામાં ખુબ જ હોશિયાર સુખલાલ માટે આ કપળો ઘા હતો, તેમણે હિમ્મત ગુમાવી નહીં. પૂરેપૂરુ ભણ્યા અને કાશીમાં વ્યાકરણ ભણવા ગયા. સમગ્ર જીવનકથા અત્યંત રોમાંચક છે. રસીલાબેને ઘણી વાતો કરી. શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જે કેટલાક ઉત્તમ વાંચવા જેવાં પુસ્તકો કહે છે તેમાં આ આત્માકથાનો સમાવેશ થાય છે. મારે હજુ વાંચવાની બાકી છે.

શ્રી વિષ્ણુભાઈ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક ઉપર બહુ સરસ બોલ્યા. તેમની આત્મકથા કુલ છ ભાગમાં વહેંચાયેલી છે અને ૨૦૦૦ પાનામાં લખાઈ છે. ઈન્દુલાલના સ્પષ્ટવક્તા તરીકેના દ્રષ્ટાંતો આપ્યા. તેમની લેખક , પત્રકાર, સમાજસેવક, ફિલ્મકાર વગેરે તરીકે કરેલા બધા કામો બતાવી આપ્યા. શ્રી યાજ્ઞિક પરણેલા હતા તેની આજે જ ખબર પડી.તેમનું સમગ્ર જીવન ભારે સંઘર્ષમય હતું. મૃત્યુને પણ તેમણે ઘણું હંફાવ્યું હતું. પૂરા ૮૨ દિવસ કોમામાં રહ્યા બાદ તેઓ અવસાન પામ્યા હતા.

૨૧/૦૪.૨૦૧૮

એક હાસ્યલેખક શ્રી તારક મહેતાની આત્મકથા ''એકશન રિપ્લે'' ઉપર બીજા હાસ્ય લેખક શ્રી અશોક દવે બોલતા હોય ત્યારે સાંભળનારાને સ્વભાવિક જ હસાહસના કાર્યક્રમની અપેક્ષા હોય. પણ અશોકભાઈએ શરૂઆતમાં જ સ્પષ્ટતા કરી દીધી કે તારકભાઈની આત્મકથા અત્યંત ગંભીર ભાષામાં લખાઈ છે. તે હાસ્યકથા બિલકુલ નથી. બેચાર દૃષ્ટાંત સિવાય મોટે ભાગે શ્રી તારકભાઈએ એકદમ સરળ ભાષામાં તેમની જીવનકહાણી વર્ણવી છે. કોઈની સાડાબારી રાખ્યા વગર તેમના સંપર્કમાં આવનારી દરેક વ્યક્તિ માટે સ્પષ્ટ અભિપ્રાય આપ્યા છે. તેઓ બહુ ઝીણવટથી નિરીક્ષણ કરે છે અને પ્રત્યેકનું એટલું જ ઝીણવટભર્યું આલેખન કરે છે.તેમના પ્રથમ લગ્ન અને તેના છૂટાછેડાનું કારણ તથા બીજા લગ્ન અને પત્નિનું ખુબ સરસ રીતે આલેખન કરવામાં આવ્યું છે.તેમની નિખાલસતા પાને પાને વરતાય છે.

શ્રી વિનોદ ભટ્ટની આત્મકથા '' એવા રે અમે એવા'' હોય

આભાર - નિહારીકા રવિયા અને તેની ઉપર શ્રી રતિલાલ બોરિસાગર બોલતાં હોય તો એ પ્રસંગ શ્રોતાઓ માટે અવિસ્મરણીય બની જાય.વિનોદભાઈ વરસોથી લોકોને હસાવે છે. હું પોતે તેઓ સંદેશમાં ''ઈદમ તૃતિયમ'' લખતા હતા ત્યારથી વાંચું છું. તેમની આત્મકથા અગાઉ તેમને આવેલી ગંભીર બિમારીથી શરૂ થાય છે. અને અંત પણ એવોજ મૃત્યુની ગાડીની રાહ જોઇ રહ્યા છે તેવો આપ્યો છે. આ એક અદ્ભુત હાસ્ય રસની આત્મકથા છે.ગુજરાતીમાં આવી બીજી કોઇ હાસ્ય આત્મકથા નથી.તારકથાની આત્મકથા કરતા વિરુધ્ધ શ્રી વિનોદભાઈની આત્મકથામાં એકાદ્ બે પ્રસંગ સિવાય મોટાભાગની હાસ્યકથા છે.

તા-૨૨/૦૪/૨૦૧૮

આત્મકથાના દોઢસો વર્ષની ઉજવણીનો આજે છેલ્લો દિવસ હતો.તેનો મહત્તમ લાભ લેવો હોય તેમ શ્રોતાઓ ઉલટથી ઉમટી પડ્યા હતા. છ વાગ્યે કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં તો આખો હોલ ચિક્કાર થઈ ગયો. મોડા આવનારે પછી નીચે બેસવું પડ્યું. શ્રી રમેશભાઈ દવે દરરોજ સાંભળવા આવતા હતા તેઓને પણ આજે મોડા પડવાથી નીચે બેસવું પડ્યું. જોકે મનીષભાઈનું ધ્યાન જતાં તેમણે પ્લાસ્ટીકની ખુરશી લાવી આપી હતી.

આજના બંને લેખકો અતિ લોકપ્રિય હતા. શ્રી ચન્દ્રકાંત બક્ષીની આત્મકથા '' બક્ષીનામા'' ઉપર શ્રીમતી અમીબેન ઉપાધ્યાય અને શ્રી ચીનુ મોદીના '' જલસા અવતાર'' ઉપર શ્રી અજય રાવળ બોલ્યા .બંને વક્તાઓએ સાંભળનારાને ન્યાલ કરી દીધા. અમીબેને શ્રી બક્ષીની આત્મકથાનું નામ ''બક્ષીનામા'' શા માટે તેની વાત કરી. શાહનામા, બાબરનામા, અકબરનામાની જેમ એક યુગની વાત એટલે બક્ષીનામા એવું ખુદ બક્ષીએ તેમની આત્મકથામાં નોંધ્યું છે. કેવી જાહોજલાલીમાં તેઓ ઉછર્યા હતા તેની પણ વાત કરી. શ્રી અમૃતલાલ યાજ્ઞિકની કોલેજમાંથી તેમને કઈ રીતે કાઢવામાં આવ્યા તેની વિગતો આપી શ્રી બક્ષી કેટલા ખુદ્દાર સ્વભાવના હતા તે દર્શાવી આપ્યું.તેમની વાર્તા ''કુત્તી'' પર થયેલા કેસમાં તેમને ખુવાર થઈ જવું પડ્યું. પરંતુ બક્ષી ઝૂક્યા નહીં અને અડીખમ રહ્યા. અમીબેને બક્ષીના ચાહકોની ખુશ કરી દીધા.

આખા સપ્તાહનું છેલ્લુ વ્યાખ્યાન શ્રી અજયભાઈ રાવલનું હતું. પણ સાંભળનારા હજુ એવા ને એવા તાજા હતા. અજયભાઈ સરસ તૈયારી કરીને આવ્યા હતા. અત્યાર સુધીના તમામ વ્યાખ્યાનોમાં કવિતા કે શેર – ગઝલ આવ્યા ન હતા. તેની કમી અજયભાઈએ ભરપાઈ કરી દીધી. શરૂઆત જ તેમણે તેમના છેલ્લા પ્રવચનને ધ્યાનમાં રાખી શ્રી ઝવેર ચન્દ મેઘાણીની પ્રસિધ્ધ કાવ્યપંક્તિ ''છેલ્લો કટોરો આ ઝેરનો પી જજો બાપુ'' ની યાદ કરાવી . પછી તે પંક્તિમાં કવિની ક્ષમાયાચના સાથે સુધારીને કહ્યું કે '' છેલ્લો કટોરો અમૃતનો પી જજો, આપુ'' . આ સાંભળતાં જ તાળીઓનો ગડગડાટ થઈ ગયો. પછી તો દર બેપાંચ મિનિટે તાળીઓ વરસતી રહી. શ્રી ચીનુભાઈની બાળપણની જાહોજલાલી, તેમની માતાની મર્દાનગી. તેમની પ્રેમકહાણીઓ અને બે લગ્નની વિગતે વાત કરી. '' જલસા અવતાર '' નો અર્થ કરતાં કહ્યું કે ''જલસા'' શબ્દ ઉર્દુ ભાષાનો છે .''અવતાર શબ્દ'' સંસ્કૃતનો છે. બંને ભેગા મળીને ''જલસા અવતાર ''નવો શબ્દ બને છે.જેમાં જલસા એ આત્મકથા છે અને અવતાર એ ચીનુભાઈ પોતે છે. શ્રી અજયભાઈએ આવી તો કેં કેટલીય અનોખી વાતો કરી. દરેક વ્યાખ્યાનનો પ્રારંભ થતા પહેલા મુલાકાતીઓને ચા આપવામાં આવતી હતી અને છેલ્લે આઈસ્ક્રીમ સાથે મધુરેણ સમાપન થતું હતું. ખાસ નોંધવા જેવી બાબત એ છે કે દરેક કાર્યક્રમ બરાબર છ વાગ્યે શરૂ થઈ જતો હતો અને મોટેભાગે બે કલાકમાં પૂર્ણ થઈ શકતો હતો.શ્રોતાઓ તો કાયમ સમયસર આવતા જ હોય છે અને વક્તાઓ સમયસર આવી નિયત સમયમાં તેમના વ્યાખ્યાન પૂરાં કરે તો સમયસર ઘર ભેગા થઈ શકે છે.

# કર્મ જ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

મન મથુરા, દિલ દ્વારકા કાયા કાશી જાણ!
પ્રાણ પ્રાચી આતમ અયોધ્યા એ તીરથ પહેચાણ.
સમજ ગંગામાં નાહીને કર અંતર યાત્રા ધ્યાન.

આજનું દિગ્ભ્રાન્ત માનવ્ય જયાં ત્યાં માત્ર 'ફાયદો' જ શોધે છે. સર્વત્ર ભોગાકાંક્ષા અને સ્વાર્થાંધતા વકરી છે. પ્રત્યેકને મન 'મને શું' અને 'મારે શું' આ જ જાણે એક જીવનમંત્ર બની ગયો છે.

મિત્રો, હમણાં એક દૃષ્ટાંત કથા વાંચી... 'ગીધોનું એક ટોળું ખોરાકની શોધમાં ભટકી રહ્યું હતું. ઉડતાં ઉડતાં એક ટાપુ પર પહોંચ્યું. એ જગ્યા એમના માટે સ્વર્ગ સમાન હતી. ચારેબાજુ ખાવા માટે દેડકા, માછલાં અને સમુદ્રી જીવો અઢળક હતા. અને આનાથી વિશેષ વાત તો એ હતી કે ત્યાં આ ગીધોનો શિકાર કરવાળું કોઈ જંગલી પ્રાણીઓ તો હતા જ નહીં. જેથી ભય વગર ત્યાં રહી શકાય. યુવાન ગીધો ખૂબ ઉત્સાહમાં એમાંથી એક બોલ્યો : વાહ, મજા આવી ગઈ, બીજા ગીધોએ પણ તેની હા માં હા પુરાવી. ખુશીથી નાચવા લાગ્યા. બધાના દિવસો આનંદ - મોજમાં વીતતા હતા. પરંતુ ટોળાનો સૌથી વૃદ્ધ ગીધ નાખુશ હતો.

એક દિવસ તેણે પોતાની ચિંતા જાહેર કરતાં બોલ્યો, 'ભાઈઓ, આપણે ગીધ છીએ. આપણે આપણી ઊંચી ઊંડાન અને શિકાર ઝડપવાની તાકાત માટે જાણીતા છીએ. પરંતુ અહીં આવ્યા પછી તો આપણે બધા આરામ કરતા થઈ ગયા છીએ. ઊંડી ઊંડાન તો દૂર રહી પણ મોટા ભાગના ગીધ તો મહિનાઓથી ઊડ્યા જ નથી. અને સરળતાથી મળતા ખોરાકને કારણે શિકાર કરવાનું પણ ભૂલી ગયા છે. આ બધું આપણા ભવિષ્ય માટે સારું નથી. મેં નક્કી કર્યું છે કે આ ટાપુ છોડી ફરી પાછઆ એ જ જૂના જંગલમાં જવું. કદાચ તમારામાંથી કોઈને મારી સાથે આપવાની ઈચ્છા હોય તો આવી શકે છે!'

વૃદ્ધ ગીધની વાત સાંભળી બાકીના ગીધ હસવા લાગ્યા. કોઈએ એને પાગલ કહ્યો તો કોઈ તેને મૂર્ખ ઠેરવવા લાગ્યા. બિચારો વૃદ્ધ ગીચ એકલો જ પાછો ચાલ્યો ગયો.

સમય વિત્યો... કેટલાક વર્ષો પછી વૃદ્ધ ગીધે વિચાર્યું. ન જાણે હું હવે કેટલા દિવસ જીવવાનો છું. તો શા માટે હું સામે ચાલીને મારા જૂના સાથીઓને મળી ન આવું ?

લાંબી યાત્રા પછી જયારે વૃદ્ધ ગીધ તે ટાપુ પર પહોંચ્યો તો ત્યાંનું દૃશ્ય કંપાવી દે તેવું ભયંકર હતું. મોટા ભાગના ગીધ મરી ચૂક્યા હતા. અને જે બચ્યા હતા તે ગંભીર રીતે ઘાયલ હતા.

આ કઈ રીતે થઈ ગયું ? વૃદ્ધ ગીધે પૂછ્યું. કણસતાં કણસતાં એક ઘાયલ ગીધ બોલ્યું. 'અમને માફ કરો. અમે તમારી વાતને ગંભીરતાથી ન લીધી. ને અમે તમારી મજાક ઉડાવી.'

વાત તો જાણે એમ હતી કે તમારા ગયા પછી અહીં એક મોટું જહાજ આવ્યું અને ચિત્તાઓનું એક ટોળું અહીં છોડી ગયું. ચિત્તાઓએ પહેલા તો અમારા પર હુમલો ન કર્યો પરંતુ જેવી એમને ખબર પડી કે અમે બધા ઊંચે ઊંડી શકતા નથી. અને ન તો અમે પંજાથી હુમલો કરી શકીએ છીએ. તેમણે અમને ખાવાનું શરૂ કરી દીધું છે. હવે અમારી વસ્તી ખલાસ થવા માંડી. બસ, અમારા જેવા જ ઘાયલ ગીધ જ હવે જીવતા બચ્યા છે.

વૃદ્ધ ગીધે તેમને જોઈ અફસોસ વ્યક્ત કરી તે પોતાના જંગલ તરફ પાછો ઉડી ગયો.

મિત્રો, જો આપણે આપણી કોઈ શક્તિનો Use નહીં કરીએ તો ધીમે ધીમે તેને lose કરી દઈશું. for instance કદાચ આપણે brain નો Use નહીં કરીએ તો તેની Sharpness ખતમ થઈ જશે. આપણે આપણી muscles નો Use નહીં કરીએ તો તેની તાકાત પણ ઘટી જશે. આ રીતે આપણે આપણી Skill ને Polise નહીં કરીએ તો આપણી કામ કરવાની efficiency ઓછી થઈ જશે. ઝડપથી બદલાતા જતા આ જગતમાં આપણી જાતને બદલવા તૈયાર રહેવું જોઈએ. પરંતુ ઘણીવાર આપણે Current Job અથવા bissiness માં એટલા બધા Compertable થઈ જઈએ છીએ કે બદલાવાનું વિચારતા જ નથી. અને આપણી અંદર કાંઈ નવી Skill Add કરી શકતા નથી. આપણે Knowledge વધારવા માટે કોઈ એકાદુ પુસ્તક પણ વાંચતા નથી. કોઈ Training Program પણ attend કરતા નથી, પરિણામે આપણે dull થઈ જઈએ છીએ. જેને કારણે એક સમયે આપણે જાણીતા બન્યા હતા. ખ્યાતનામ હતા એમાં ફરી પાછા જયારે market condition change થાય છે અને આપણી નોકરી કે ધંધાને અસર થાય છે ત્યારે સંજોગોને કે અન્યને દોષ દઈએ છીએ.

દોસ્તો, પોતાની કાબેલિયત... પોતાની તાકાત ને જીવતી રાખો... પોતાની કર્મકુશલતા... પોતાની Skill ને વધુ ને વધુ ધારદાર... તેજ બનાવો. તેને કાટ ન લાગે... ધૂળ ન ચડે... ઝાંખપ ન લાગે એ માટે સતર્ક સજાગ રહો. રોજે રોજ Update થતા રહીએ. અને જો આવું કરશો તો ગમે તેવી અડચણો કે અવરોધો - મુશ્કેલીઓ આવશે છતાં પણ તમે બહુ મોટી ઊંચી ઊંડાન ભરી શકશો !!!

સ્પર્શમણિ :

કર્મ જ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે.

તો ચાલો, એક સારા માનવી બનવા માટે જાણીએ કર્મના સિદ્ધાંતો.

- સર્વોચ્ચ સિદ્ધાંત : જે આપણે વિશ્વને આપ્યું છે, તે જ આપણને મળશે.
- સૂરજ સિદ્ધાંત : જીવન ભેટમાં કશું નથી આપતું, આપણે બધું હાંસલ કરવું પડે છે.
- વિનમ્રતાનો સિદ્ધાંત : બીજાની ભૂલો સુધારતાં પહેલાં પોતાની ભૂલોને સ્વીકારતાં શીખો.
- ઉન્નતિનો સિદ્ધાંત : પોતાની જાતને બદલવાની સાથે જીવન પણ બદલાઈ જાય છે.
- જવાબદારીનો સિદ્ધાંત : આજે આપણી જે પરિસ્થિતિ છે તેના માટે આપણે પોતે જ જવાબદાર છીએ.
- સમયનો સિદ્ધાંત : આપણો ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાન એકબીજા સાથે જોડાયેલા છે.
- એકાગ્રતાનો સિદ્ધાંત : એક સમયે આપણે એક જ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકીએ છીએ.
- ઉદારતાનો સિદ્ધાંત : આપણી બોલી અને વર્તણૂંકમાં સમાનતા હોવી જોઈએ.
- વર્તમાનનો સિદ્ધાંત : વર્તમાનને ત્યારે જ જીવી શકાય જયારે ભૂતકાળમાંથી બહાર આવી ગયા હોઈએ.
- પરિવર્તનનો સિદ્ધાંત : ઈતિહાસ પોતાને ત્યાં સુધી પુનરાવર્તિત કરે છે જયાં સુધી આપણે એમાંથી શીખ નહીં મેળવી લઈએ.
- ધીરજનો સિદ્ધાંત : ધીરજનાં ફળ હંમેશા મીઠાં હોય છે.
- પ્રેરણાનો સિદ્ધાંત : આપણી મહેનત અને લગનનું સીધું પરિણામ આપણને સકારાત્મક ફળના સ્વરુપે મળે છે.

- rasikvaland1965@gmal.com